# મચ્છરનો પ્રતિકાર: કુદરતી રીતે

**મચ્છરનો પ્રતિકાર કરવા માટે અનેક રીતો પ્રચલિત છે. 'ગુડનાઇટ' લગાવીને કે 'કાચબા છાપ' અગરબત્તી સળગાવીને મચ્છર સામે રક્ષણ મેળવવાની રીત મોટાભાગના લોકો જાણે છે.જોકે અહીં ઘરમાં કે ગાર્ડનમાં કેટલીક ઉપયોગી વનસ્પતિના છોડ ઉગાડીને કેવી રીતે મચ્છરનો પ્રતિકાર કરી શકાય એની વાત કરવામાં આવી છે.**

**મુકુંદ દોશી.** aarpar@gmail.com

મચ્છરનો પ્રતિકાર કરવા માટે અનેક રીતો પ્રચલિત છે. 'ગુડનાઇટ' લગાવીને કે 'કાચબા છાપ' અગરબત્તી સળગાવીને મચ્છર સામે રક્ષણ મેળવવાની રીત મોટાભાગના લોકો જાણે છે.જોકે અહીં ઘરમાં કે ગાર્ડનમાં કેટલીક ઉપયોગી વનસ્પતિના છોડ ઉગાડીને કેવી રીતે મચ્છરનો પ્રતિકાર કરી શકાય એની વાત કરવામાં આવી છે.

વહેલી તકે બગીચામાં જઇને તમારા હાથ માટીવાળા કરવાનો સમય આવી ગયો છે! હજી ઉનાળો ચાલુ છે પરંતુ ચોમાસું ક્યારે દરવાજે દસ્તક દઇ દે તે કહેવાય નહીં. ચોમાસા પૂર્વે મચ્છર સામે રક્ષણ મેળવવા માટે તૈયાર થઇ જાવ.આપણા ભારત દેશની વાત કરીએ તો અહીં ચોમાસું માત્ર પાણીનાં બૂંદ જ લઇને નથી આવતું બલકે પોતાની સાથે બીજી કેટલીક પળોજણ પણ લઇને આવે છે. ગરમીને અલવિદા કહીએ અને વરસાદના એંધાણ વરતાય ને વરસાદ પડવાનો પણ ચાલુ થઇ જાય એટલે મચ્છરોનો ઉપદ્રવ વધે એવી સ્થિતિ સર્જાય છે.ખાડા ખાબોચિયામાં ભરાયેલું બંધિયાર પાણી મચ્છરોનો ઉપદ્રવ વધારે છે. પછી તો મચ્છરજન્ય રોગોનો ફેલાવો ઝડપથી પ્રસરે છે.મલેરિયા, ડેન્ગ્યુ ,ચિકનગુનિયા જેવા રોગોથી અનેક લોકો મોતને ભેટે છે.

દર વર્ષે આ રોગોની ઝપેટમાં આવેલા અનેક લોકો મોતને ભેટ્યા હોવાના સમાચાર વાંચવા મળે છે.તમને જાણીને કદાચ આશ્ચર્ય થાય પણ વર્ષ ૨૦૧૬માં એક લાખ કરતા વધારે ડેન્ગ્યુના કેસ નોંધાયા હતા.જેમાંથી ૨૨૭ જેટલા લોકો મૃત્યુ પામ્યા હતા.

ખેર,આખો દેશ જ્યારે આ સમસ્યા સામે બાથ ભીડી રહ્યો છે ત્યારે મચ્છરજન્ય રોગોના જીવલેણ જોખમ સામે બાથ ભીડવા માટે વ્યક્તિગત પ્રયાસો કાબેલ નીવડે એમ છે.વ્યક્તિગત પ્રયાસોથી તમે તમારું અને તમારા સ્વજનોનું આરોગ્ય જાળવી શકો છે. તેઓને મચ્છરના આક્રમણથી બચાવી શકો છો.

મચ્છર સામે રક્ષણ મેળવવાના કેટલાક સાવચેતીનાં પગલાં છે કે જેનાથી આપણામાંના ઘણાખરા લોકો માહિતગાર છે.જેમકે ઘરની અંદર અને બહાર પાણીનો બિનજરૂરી ભરાવો થવા ન દઇએ.દરવાજા અને બારીએ નેટ લગાવીએ.ઘરની બહાર નીકળતા હોઇએ ત્યારે યોગ્ય પોષાક પહેરીએ.ઉપરાંત ઘરના ખૂણે ખાંચરે જંતુનાશક દવાનો છંટકાવ કરીએ.જોકે આ લેખમાં કુદરતી રીતે મચ્છર સામે રક્ષણ મેળવવાની રીતનો ઉલ્લેખ કર્યો છે.બગીચામાં, બારીની પાળી પર કે બાલ્કનીમાં કૂંડામાં કેટલાક છોડ ઉગાડીને મચ્છર સામે રક્ષણ મેળવવું ખૂબ જ સરળ છે.

જો તમે મચ્છરનો પ્રતિકાર કરવા માટે કૂંડામાં છોડનું વાવેતર કરવાની રીત હજી સુધી અપનાવી ન હોય તો આ જ એક યોગ્ય સમય છે કે વહેલી તકે કૂંડામાં છોડનું વાવેતર કરવામાં આવે!

## તુલસી



આયુર્વેદમાં તુલસીના અનેક ગુણો દર્શાવાયા છે.તુલસીના છોડમાં અત્યંત મહત્ત્વનું ઘટકતત્ત્વ રહેલું છે.જેનાથી મચ્છરો જોજનો દૂર રહે છે.મચ્છરનો પ્રતિકાર કરવા માટે તુલસીને શ્રેષ્ઠ માનવામાં આવે છે.તુલસીના પાનને નથી વાટવાના કે નથી તોડવાના.બસ એના છોડને કૂંડામાં અથવા ગાર્ડનની બહોળી જગ્યામાં ઉગાડવાની જરૂર છે. તુલસીના પાનની સુવાસથી જ મચ્છરો ઘરમાં નહીં આવે.ઘરના દરવાજા પાસે અથવા બારી પાસેની જગ્યામાં તુલસીના છોડના કૂંડાને મૂકવું સરળ છે.હા, એટલુ જરૂરી છે કે એના છોડને પૂરતો સૂર્ય પ્રકાશ મળી રહે. એ સિવાય એના પ્રત્યે વધારે ધ્યાન આપવાની જરૂર જણાતી નથી.તુલસીના પાનનું પાણી સાથે પ્રવાહી પણ બનાવી શકાય છે.અને ત્યારબાદ સ્પ્રે બોટલમાં ભરીને તેનો ઉપયોગ મચ્છર સામે રક્ષણ મેળવવા માટે થઇ શકે છે.

## લેવેન્ડર



લેવેન્ડરની આહ્લાદક ખૂશ્બુથી સૌ કોઇ પરિચિત છે.સદીઓથી તેનો ઉપયોગ અનેકવિધ રીતે થતો આવ્યો છે.કપડાંમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.અને ઘરમાં પણ એનો ઉપયોગ થાય છે.સેન્ટની બનાવટ ,પરફ્યુમ અને એરફ્રેશનરમાં લેવેન્ડરનો ઉપયોગ કરવામાં આવે છે.આપણને લેવેન્ડરની સુવાસ ગમે છે.પણ મચ્છર માટે આ ખૂશ્બુ ત્રાસદાયક છે. ઘરના ખૂણામાં બાલદીમાં લેવેન્ડર મૂકેલા રાખો કે જેની સુગંધથી મચ્છરો આવે નહીં.બારીની નજીક પણ તેને રાખી શકાય કે જેથી કોઇને પણ આકર્ષક લાગે. રાત્રે સૂતી વખતે લેવેન્ડરના ફૂલોમાંથી મેળવવામાં આવેલું તેલ શરીરના ખુલ્લા ભાગો પર લગાડવાથી મચ્છર સામે રક્ષણ મેળવી શકાય છે.

## લસણ



યાદ કરો કે કઇ રીતે લેખક બ્રામ સ્ટોકરે લસણનો ઉપયોગ લોહી ચૂસનાર ડ્રેકૂલા સામે રક્ષણ મેળવવા કર્યો હતો.આ લેખકની નોવેલમાં નાયક ડૉ. વાન હેલ્સિંગ લસણના ફૂલને મસળીને તે બારીની ફ્રેમ ઉપર ચોપડતો હતો કે જેથી કરીને પવનની દરેક

લહેર ઘરમાં લસણની સોડમ સાથે પ્રવેશ કરે. બારણાની ફરતે પણ તે લસણના ફૂલને ઘસતો હતો.લસણ સાથેના આ પ્રયોગો લોહી ચૂસનાર વાગોળને ઘરમાં પ્રવેશતા અટકાવી શકે અને ન પણ અટકાવી શકે!(જોકે પુસ્તકમાં તો તેને તેને અટકાવી શકાયા હોવાનું નોંધાયું છે.)પરંતુ ખરી જિંદગીમાં લસણનો આ રીતનો ઉપયોગ ,વાગોળ જેવા આક્રમક મચ્છરના આક્રમણ સામે લાઇફ સેવર એટલે કે જીવન બચાવનાર બની શકે.અલબત્ત આપે ચિંતા કરવાની સહેજ પણ જરૂર નથી.એ માટે તમારે હેલ્સિંગ જેવું કરે છે તેવું કરવાની પણ જરૂર નથી બલકે તમારે તમારા ગાર્ડનમાં લસણને ઉગાડવાનું છે.

## લેમનબામ



લેમનબામની ખૂશ્બૂ એટલી અસરકારક છે કે તે એક જ કામ કરતી નથી બલકે બે કામ કરે છે.લેમન બામનો ઉપયોગ રૂમ ફ્રેશનર તરીકે કરી શકાય છે.અને કુદરતી મચ્છર પ્રતિરોધક તરીકે પણ તેનો ઉપયોગ કરી શકાય છે.લેમન બામના પાંદડાંને શરીરના ખુલ્લા ભાગ પર મસળીને લગાવવાથી પણ મચ્છર સામે રક્ષણ મેળવી શકાય છે.લેમન બામ મૂળ તો ફૂદીનાના પરિવારનો છોડ છે.આવા ઔષધો સાજા કરવાના અનેક ગુણધર્મો ધરાવે છે.લેમનબામ એ સરળતાથી ઉછેરી શકાય એવો છોડ કે વનસ્પતિ છે.તે દુષ્કાળ પ્રતિરોધક(ડ્રાઉટ રેઝિસ્ટન્ટ) છે.ઝડપથી ઉગે એવો છોડ છે.બગીચામાં રોપવાના બદલે આના છોડને કૂંડામાં ઉગાડવો એ વધુ બહેતર માનવામાં આવે છે.

## મેરીગોલ્ડ



અનેકવિધ ફૂલોમાં મેરીગોલ્ડની ઓળખાણ કંઇક નોખી છે.આ ફૂલની સુવાસ જ એવી છે કે મચ્છર તેનાથી દૂર ભાગે છે.મેરીગોલ્ડના છોડનું વાવેતર કરવું અત્યંત સરળ છે.તે અનેકવિધ કલરમાં જોવા મળે છે.ગોલ્ડન યેલોથી માંડીને બ્રાઇટ ઓરેન્જ કલરમાં તે મળી રહે છે.

## કેટનિપ



કેટનિપ એ બારમાસી વનસ્પતિ કે છોડ છે.એ બિલાડીને લલચાવે છે પણ મચ્છરને ભગાડે છે.આ કેટનિપના છોડમાં એક મહત્ત્વનું ઓઇલ રહેલું છે કે જે નેપેટાલેક્ટોનના નામથી ઓળખાય છે જે બિલાડીને આકર્ષે કે લલચાવે છે. અને મચ્છરને ભગાડે છે.આવી બે વિરોધાભાસી અસર કેમ ઉદ્દભવે છે એવો જો કોઇને સવાલ થાય તો એનો જવાબ એ છે કે નેપેટાલેક્ટોનને લીધે આવું બને છે.અભ્યાસમાં પણ એવું તારણ બહાર આવ્યું છે કે મચ્છરનો પ્રતિકાર કરવા માટે જે કેમિકલ કે સ્પ્રે વપરાય છે એના કરતા કેટનિપમાં રહેલું મહત્ત્વનું ઓઇલ કે તેલ મચ્છરનો પ્રતિકાર કરવા માટે વધારે અસરકારક છે.

## યુકેલિપ્ટસ

યુકેલિપ્ટસને ગુજરાતીમાં નીલગીરીના ઝાડથી ઓળખવામાં આવે છે.આપણામાંના મોટાભાગના લોકો નીલગીરીમાંથી મેળવવામાં આવેલ ઓઇલ કે તેલના ઔષધીય ગુણોથી પરિચિત હશે.નીલગીરીનો ઉછેર કરવાથી એની જે મહેંક આવે છે તેનાથી મચ્છરોને દૂર ભગાડી શકાય છે.તેના પાનની ખુશ્બો એવી હોય છે કે જે માણસને સુંઘવી ગમે છે પરંતુ એ જ ખુશ્બો મચ્છર માટે ત્રાસજનક કે પીડાદાયક છે.

## રોઝમેરી

મચ્છરના ઉપદ્રવને અટકાવવા કે રોકવા માટે તમારા બગીચામાં રોઝમેરીનો છોડ ઉછેર કરી શકાય છે.અલગ અલગ લોશન અને ફોર્મ્યુલામાં તેને ભેળવી શરીર પર લગાવી શકાય છે.મચ્છર પ્રતિરોધક તરીકે રોઝમેરી ખૂબ ઉપયોગી છે.ઘરના અંદરના ભાગમાં અથવા ઘરની બહાર પણ તેને ઉગાડી શકાય છે.જોકે શરત એટલી કે આના છોડને પૂરતા પ્રમાણમાં સૂર્યપ્રકાશ મળી રહેવો જોઇએ.

## જેરેનિયમ

જેરેનિયમ એટલે બીજુ કશું નહીં પણ આસમાની રંગના ફૂલનો એક છોડ છે.આ સુગંધી જેરેનિયમનો છોડ મચ્છર પ્રતિરોધક કે મચ્છરને અટકાવનારો છોડ છે.મચ્છર નિરોધક તરીકે કંઇ કેટલાય માળીઓ અને ગાર્ડનિંગને લગતી સાઇટોએ આ છોડ મામલે એવી ભલામણ કરી છે કે તે ખૂબ જ અસરકારક મચ્છર નિરોધક છોડ છે.તેની ખુશ્બો લીંબુ જેવી છે.મતલબ કે જેવી સુગંધ લીંબુની આવે છે એવી જ સુગંધ આ છોડની પણ આવે છે.મચ્છરને ભગાડવા માટે આ સુગંધ અસરકારક છે.

## મેક્ષિકન મેરીગોલ્ડ

મેક્ષિકન મેરિગોલ્ડની ખુશ્બો મચ્છર ઉપર આક્રમણ કરે છે કે જેથી મચ્છરો ભાગી જાય છે.આ છોડને તમે તમારા બગીચામાં ઉગાડી શકો છો.તેના ફૂલ પણ ઉપયોગમાં લઇ શકાય છે.તેના ફૂલોને ચૂંટીને ઘરની આસપાસ મૂકી રાખવાથી મચ્છરોને ઘરમાં પ્રવેશતા અટકાવી શકાય છે.

## સાયટ્રોનેલા

સાયટ્રોનેલાને ગુજરાતીમાં દક્ષિણ એશિયાઇ ઘાસ કહેવાય છે.મચ્છરોને દૂર રાખવા કે તેનાથી રક્ષણ મેળવવા જે મચ્છર પ્રતિરોધક પદાર્થ બનાવવામાં આવે છે એમાં સાયટ્રોનેલા હોય છે.સાયટ્રોનેલા વિવિધ ફોર્મમાં ઉપલબ્ધ છે.ખુશ્બોદાર મીણબત્તીમાં તેનો ઉપયોગ કરવામાં આવેલો હોય છે.આ ઘાસ પાંચથી છ ફૂટ (ફીટ) ઊંચું થાય છે.

## લેમનગ્રાસ

ડિપાર્ટમેન્ટ ઓફ પ્લાન્ટ પ્રોડક્શન ટેક્નોલોજી એન્ડ ફેકલ્ટી ઓફ એગ્રિકલ્ચરલ ટેકનોલોજી બેંગકોક થાઇલેન્ડે મચ્છરો પરના અભ્યાસમાં એવું તારણ કાઢ્યું હતું કે લેમનગ્રાસમાં એવા ઘટકતત્ત્વો રહેલા છે કે જેથી તે મચ્છરોને ઘરમાં આવતા રોકે છે.મતલબકે લેમનગ્રાસ ઓર્ગેનિક રિપેલન્ટસ ધરાવે છે જેથી તે મચ્છરોને ભગાડે છે.

## લીમડો

લીમડાના પાનનો રસ ખૂબ જ ઉપયોગી છે. લીમડાનું તેલ ઓરેન્જ જ્યુસ સાથે મેળવીને સ્પ્રે બનાવવામાં આવે છે. અને આ સ્પ્રે છાંટવામાં આવે તો એની સુવાસથી મચ્છરો ભાગી જાય છે.ગામડામાં આજે પણ લોકો ઘરગથ્થુ ઉપાય તરીકે મચ્છરોને ભગાડવા માટે લીમડાના પાનનો ઉપયોગ કરે છે. તેઓ લીમડાના પાનને બાળે છે. અને જે ધૂણી થાય છે એનાથી જ મચ્છરો દૂર ભાગે છે..